ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



હવે તો વરસાદ ક્યારે આવશે ધરતી પણ પોકારી રહી છે. સૂકી ભઠ્ઠ થઈ ગયેલ જમીન પર ક્યારે વરસાદની હેલી વરસશે...! આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# વલાદ પાસે લકઝરીએ પલટી ખાતા ૧ ૨ ને ઈજા

## મોડીરાત્રે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સદ્‌ભાગ્યે કોઈ જાનહાની નથી

## ઘાયલોને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા : એક ગંભીર

ગાંધીનગર,તા.૧

અમદાવાદથી હિંમતનગર તરફ જતી લકઝરી બસ મોડી રાત્રે વલાદ પાસે પલટી ખાઈ જતા લકઝરીમાં બેસેલા ૩૫ જેટલા મુસાફરો પૈકી ૧ ૨ ને ઈજાઓ થવા પામી હતી. મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતના અંતે ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ડભોડા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સદનશીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી.

અમદાવાદથી મુસાફરો ભરીને હિંમતનગર જવા નીકળેલી લકઝરી નં. આર.જે ૧૯ પી.એ ૪૧૫૧ ને ગાંધીનગર નજીક વલાદ ગામની સીમમાં હાઈવે પર ગત મોડી રાત્રે અકસ્માત નડ્યો હતો. મુસાફરો ભરીને હિંમતનગર હાઈવે તરફ દોડતી લકઝરી બસ રાત્રીને અઢી વાગ્યાના અરસામાં વલાદ ગામ પાસે અચાનક જ પલટી મારી ગઈ હતી. જેના પરિણામે સર્જાયેલા આ અકસ્માતમાં લકઝરીમાં બેઠેલા

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : વિપુલ ચૌહાણ)

# જુન તો કોરો ધાકોર ગયો, હવે જુલાઈ પર આશાભરી મીટ

## છેલ્લા ૧૦ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં જુન માસમાં સરેરાશ ૭૪.૭૭ મી.મી. વરસાદ નોંધાયો છે : જે વર્ષમાં જુનમાં વરસાદ ઓછો થયો હોય તે વર્ષે જુલાઈમાં વધુ વરસાદ થયાની પેટર્ન

ગાંધીનગર, તા.૧

જુન મહિનો આખો વરસાદ વગર કોરો ધાકોર ગયો. ગાંધીનગર શહેરના નગરજનો અને જિલ્લાના ખેડૂતો મેઘરાજાની મહેર કયારે થશે તે માટે આકાશ ભણી મીટ માંડીને બેઠા છે પરંતુ આજે જુલાઈ માસની પહેલી તારીખ પણ વીતવા છતાં ગગનમાં કયાંય વાદળોનો અણસાર સુધ્ધાં દેખાતો નથી. અને જિલ્લા સહિત સમગ્ર રાજયમાં દુષ્કાળના ઓછાયા માત્ર દેખાઈ રહ્યા છે. જિલ્લામાં છેલ્લા દસ વર્ષમાં ૨૦૧૧ના જુન માસમાં પણ વરસાદ થયો નહોતો અને ૨૦૦૯ના જુન માસમાં માત્ર ૧૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. જો કે ૨૦૧૧માં જુલાઈ માસમાં ૨૧૯.૫ મી.મી. અને ૨૦૦૯ના જુલાઈ માસમાં ૪૨૪.૨૫ મી.મી. જેટલો ભારે વરસાદ નોંધાયો હતો.

છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદની પેટર્ન બદલાઈ રહી છે તેવી ચર્ચાઓ અનેક જગ્યાએ ચર્ચાય છે. છેલ્લા દસ વર્ષમાં ગાંધીનગર જિલ્લાનો જુન માસનો સરેરાશ વરસાદ ૭૪.૭૭ મી.મી. નોંધાયો છે જેમાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૧માં મળીને વરસાદ માત્ર ૧ મીમી હતો જે ના ગણીએ તો બાકીના વર્ષોની સરેરાશ ૯૩.૪૬ મી.મી.ની આવે છે. જુન માસમાં સૌથી વધુ વરસાદ વર્ષ ૨૦૦૫માં ૨૪૬ મી.મી. નોંધાયો હતો. ગત વર્ષે જુન માસમાં ૯૩ મી.મી. વરસાદ પડયો હતો જે સરેરશ મુજબનો હતો.

સામાન્ય રીતે તા. ૧૦મી જુન પછી સૌ કોઈની નજર આકાશ ભણી વરસાદ કયારે આવશે તે માટે દોડવા માંડતી હોય છે અને સરેરાશ નાગરિક અને ખેડૂત તા. ૧૫મી જુન સુધીમાં ચોમાસું બેસી જાય તેવી આશા રાખીને બેઠો હોય છે. લગભગ દર વર્ષે અષાઢી બીજની રથયાત્રામાં 'અમી છાંટણા' થાય ત્યારે રથયાત્રાનો આનંદ બેવડાઈ જતો જોવા મળ્યો છે પરંતુ આ વર્ષે આ આશા ઠગારી નીવડી છે. હવે સૌની નજર જુલાઈ પર છે અને ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન જુલાઈ માસનો સરેરાશ વરસાદ ૩૬૦.૯૨ મી.મી. નોંધાય છે. જેમાં વર્ષ ૨૦૦૭માં સૌથી વધુ ૬૩૪ મી.મી. જયારે વર્ષ ૨૦૧૨માં માત્ર ૭૦ મી.મી. નોંધાયો હતો. જો કે વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૧માં જયારે જુન માસમાં વરસાદ નહિવત હતો ત્યારે તે વર્ષમાં જુલાઈ માસમાં અનુક્રમે ૪૨૪.૨૫ મી.મી. અને ૨૧૯.૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જુન-જુલાઈ માસનો સંયુકત વરસાદ સૌથી વધુ વર્ષ ૨૦૦૫માં ૭૯૫ મીમી અને સૌથી

● અનુસંધાન પાન-૭ પર

# બંગાળની ખાડીમાં લો પ્રેશર બનશે : પાંચ દિવસ બાદ વરસાદ થવાના સંજોગો

ગાંધીનગર, તા.૧

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચોમાસુ સક્રિય થાય તેવા સંજોગો ઉભા થઈ રહ્યા છે. બાંગ્લાદેશના સાયકલોનીક સર્કયુલેશનના પગલે બંગાળની ખાડીમાં લો પ્રેશર બનશે જેથી ફરી ચોમાસુ સક્રિય થવાની આશા છે.

હવામાન વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બાંગ્લાદેશમાં સાયકલોનીક સર્કયુલેશન છે જેની અસર હેઠળ ઓરિસ્સા દરિયાકિનારો અને બંગાળની ખાડીમાં લો પ્રેશર આકાર લે તેવી સંભાવના છે. પરિણામે દેશમાં ચોમાસુ સિસ્ટમ ફરી સક્રિય થવાની સંભાવના છે.

બંગાળની ખાડીમાં લો પ્રેશર બની રહ્યું છે જે વધુ મજબૂત થાય અને ગુજરાત તરફ આગળ વધે તો સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ શકે છે હાલ લો પ્રેશર બની આગળ વધે તો પણ વરસાદ પડી શકે છે.

લો પ્રેશરના પગલે ઓરિસ્સા, મધ્યપ્રદેશ, છતીસગઢમાં વરસાદ પડશે ત્યારબાદ એટલે કે ચાંર-પાંચ દિવસ બાદ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદ પડી શકે છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં વાદળાની મોટા પ્રમાણમાં અવર જવર ચાલુ છે. વાતાવરણમાં ભેજ પણ છે પરંતુ તેજ ગતિએ ફુંકાતા પવનના કારણે વરસાદ પડતો નથી ત્યારે બંગાળની ખાડીમાં નિર્માણ થનાર લો પ્રેશરથી નવી આશા બંધાણી છે.

હવામાન વિભાગના સૂત્રોના કહેવા મુજબ ચોમાસુ જૂન માસમાં નબળું રહ્યું છે પરંતુ ચોમાસાના અંત સુધીમાં સરેરાશ વરસાદમાં ખાધ નહી રહે. હાલ ચોમાસુ ધીમી ગતિએ આગળ વધશે.

આજે ગાંધીનગરમાં આછા પાતળા વાદળોની અવરજવર વચ્ચે ગરમી વધુ પડી હતી. મહત્તમ તાપમાન ૩૯.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિ.સે. રહ્યું હતું. જયારે ભેજ સવારે ૬૨ ટકા અને સાંજે ૨૮ ટકા રહ્યો હતો. વરસાદની ગાંધીનગરાઓ ભારે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

# કેપીટલ રેલવે સ્ટેશનની મુલાકાતે રેલવેના ઉચ્ચ અધિકારીઓ

## આગામી દિવસોમાં ગાંધીનગર રેલવે સ્ટેશનને વધુ ટ્રેનો ફાળવાય તેવી શક્યતા : કેપીટલ સ્ટેશનની સ્થિતિ અંગે અભ્યાસ કર્યો

ગાંધીનગર,તા.૧

મુંબઈ વેસ્ટર્ન રેલ્વે હેડ કવાટર્સના ઉચ્ચ અધિકારીઓએ





આજે ગાંધીનગર રેલ્વે સ્ટેશનની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ દરમિયાન વેસ્ટર્ન રેલવેના અધિકારીઓએ કેપિટલ સ્ટેશનની સ્થળ સ્થિતિ અંગે અભ્યાસ હાથ ધર્યો હતો. મુસાફરો માટેની સુવિધા તેમજ કેપિટલ સ્ટેશનને વધુ ટ્રેનો ફાળવવા સંદર્ભે સ્ટેશન પર જરૂરી બાબતોનું નિરીક્ષણ કર્યું હતું. આગામી રેલ્વે બજેટમાં ગાંધીનગરને વધુ ટ્રેનો ફાળવવામાં આવે તેવી શક્યતા છે.

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપિટલ સ્ટેશન પર હાલની સ્થિતિએ રોજની ચાર ટ્રેનોની અવર-જવર જોવા મળી રહી છે. આમ છતાં વર્ષોના અંતે પણ રેલ્વે સ્ટેશન પર મુસાફરો લક્ષી સુવિધાઓનો અભાવ વર્તાઈ રહ્યો છે. જયારે નવી ટ્રેનો ફાળવવાના મામલે પણ ગાંધીનગરને અન્યાય થતો હોવાનો સુર -બળ બન્યો છે. પરંતુ આગામી દિવસોમાં ગાંધીનગરને નવી ટ્રેનો ફાળવવામાં આવે તેવી શકયતા ઉજજવળ બની છે. શહેર વસાહત મહામંડળના -મુખ અરુણ બુચે આ અંગે

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

દબાણ હટાવો ઝુંબેશ : સેક્ટર-૨૯માં વિસ્તરી રહેલ ઝુંપડપટ્ટી સામે તંત્રએ લાલ આંખ કરી હતી... મંગળવારે દિવસ દરમિયાન દબાણ શાખા, માર્ગ મકાન વિભાગે સંયુક્ત રીતે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી.

# ગાંધીનગર જિલ્લામાં વરસાદના વિલંબથી સર્જાયેલ પરિસ્થિતિની સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ચોમાસાનું આગમન સમયસર થયું નથી, તે પરિસ્થિતિમાં વરસાદ ખેંચાતા ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં પીવાના પાણી અને ઘાસચારાની પરિસ્થિતિની આંકડાકીય માહિતી મેળવવા માટે આજરોજ જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય-સાદના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે -ભારી સચિવશ્રીનું જિલ્લા વહીવટી તંત્ર વતી સ્વાગત કરી જિલ્લાની વાસ્તવિક પરિસ્થિતિની માહિતી આપી હતી.

આ બેઠકના આરંભે જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય-સાદે ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના અંતરિયાળ ગામોમાં પીવાના પાણીની શું પરિસ્થિતિ છે. તેની માહિતી સંબંધિત અધિકારીશ્રીઓ પાસેથી મેળવી હતી. ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના ગામોમાં પીવાના પાણીની કોઈ અછત નથી. તે ઉપરાંત પેથાપુર, કલોલ, દહેગામ અને માણસા નગરપાલિકા વિસ્તારમાં બોર અને નર્મદાનું પાણી સમયસર નગરજનોને આપવામાં આવી રહ્યું છે, તેવું ચીફ ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યુંહતું.

# સે. ૨૪ માં ત્રણ દાયકા બાદ આખરે સી.સી. રોડ બનાવાશે

## સે. ૨૪ અને ૨૫ ની સોસાયટીઓમાં સી.સી. રોડ માટે ૩ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧

સે. ૨૪માં ત્રણ દાયકા બાદ નવા સી.સી. રોડ બનાવાશે. સે. ૨૪માં ઈન્દિરાનગર ડબલડેકર અને શ્રીનગર સોસાયટીમાં સી.સી. રોડ બનાવવા માટે રૂ. ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગોના નવીનીકરણ બાદ આંતરિક માર્ગોનું રોડનેટવર્ક સુધારણાનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે. જો કે હજુ ઘણા ખરા જૂના સેક્ટરોમાં માર્ગ સુધારણાનું કામ બાકી છે. સે. ૨૪માં પણ અમુક સોસાયટીઓમાં છેલ્લા ત્રણ દાયકાથી રસ્તાઓનું અસ્તિત્વ જ નથી. સે. ૨૪ની ઈન્દિરાનગર, શ્રીનગર સોસાયટીમાં વર્ષ ૧૯૮૨ દરમિયાન ડામરના રસ્તા બનાવવામાં આવ્યા હતા. જ્યારે છેલ્લા ત્રણ દાયકાથી માર્ગ નિર્માણનું કામ હાથ ન ધરાતા હાલની સ્તિએ માર્ગ પર બે ફૂટ માટીના થર જામી ગયા છે. આ મામલે સેક્ટરના સ્થાનિક કોર્પોરેટર સુરેશ મહેતા દ્વારા છેલ્લા એક વર્ષથી વિભાગમાં રજૂઆત કરવામાં આવતી હતી. આખરે વિભાગકક્ષાએથી આ કામગીરીને મંજૂરી આપી દેવાતા સે. ૨૪ અને ૨૫માં સી.સી. રોડ બનાવવાનું કામ હાથ ધરાશે. જેમાં સે. ૨૪ ના ઈન્દિરાનગર, શ્રીનગર, ડબલડેકર વિસ્તારમાં ઉપરાંત સે. ૨૫ની સૂર્યનારાયણ સોસાયટીમાં માર્ગ નિર્માણની કામગીરી હાથ ધરાશે. સી.સી. રોડના નિર્માણ પાછળ રૂ. ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# કલોલમાં બોગસ ખેડૂત ખાતેદારની ફરિયાદ

## ગાંધીનગર જિલ્લામાં ઈ. જમીન પ્રોજેક્ટ અંતર્ગત બે વર્ષમાં ૫૮૯૯ દસ્તાવેજો નોંધાયા છે : મુખ્યમંત્રી





ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ઈ-મીન પ્રોજેક્ટ હેઠળ દસ્તાવેજોની નોંધણી અંગે ભાજપના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ વિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું છે કે આ પ્રોજેક્ટ હેઠળ ૫૮૯૯ દસ્તાવેજો નોંધાયા છે.

તેમણે જણાવ્યું છે કે આ પ્રોજેક્ટ હેઠળ નોંધાયેલા દસ્તાવેજોની નોંધ બે વર્ષ દરમ્યાન કોમ્પ્યુટર થકી હક્ક પત્રકમાં આ નોંધાયેલા તમામ દસ્તાવેજોની નોંધ પડી જવા પામી છે.

**● બોગસ ખેડૂત ખાતેદાર**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોર કલોલ તાલુકામાં ખોટા ખેડૂત ખાતેદાર બનવા સંદર્ભે મળેલી ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું છે કે બે ફરિયાદો મળી છે. આ ખેડૂત ખાતેદાર દ્વારા જમીનોની ખરીદી થઈ હોવાની વિગતો ફરિયાદમાં દર્શાવવામાં આવી છે.

મળેલ આ ફરિયાદોના પગલે મામલતદાર અને કૃષિ પંચ કલોલ દ્વારા ગણોત અધિનિયમની કલમ ૮૪(સી) હેઠળ ધોરણસરની નોટીસો બજાવી કાર્યવાહી હાથ ધરેલ છે.

**● ૭/૧૨ ની નકલમાં પાકની નોંધ**

કોંગીના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં ૭/૧ ૨ ની નકલમાં પાકની નોંધ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં પાકની નોંધ કરવાની સને ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ ના વર્ષની કામગીરી પૂર્ણ થયેલ છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે ૨૦૧૪ ની આ અંગેની કામગીરી હાલ ગતિમાં છે.

**● દબાણો દૂર કર્યા પછી વારંવાર પુનઃ ઉભા થઈ જતા હોય છે : મહેસુલ મંત્રી**

દબાણો દૂર કરાયા પછી પુનઃ તે ઉભા થઈ જતા હોવાનો ગંભીર એકરાર રાજ્ય સરકારે આજે વિધાનસભા ગૃહમાં કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે કલોલ અમદાવાદ તરફના રસ્તાના બન્ને બાજુ ગેરકાયદે બાંધકામ બાબતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે એકરાર કર્યો છે કે આ મુદ્દે રાજ્ય સરકારને બે ફરિયાદો મળી છે. જેમાં સિંદબાદ હોટલથી ડૉ. આંબેડકરની પ્રતિમા સુધીના અમદાવાદ જતા રસ્તાની બન્ને બાજુએ ગેરકાયદે બાંધકામને લગતી છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ માર્ગ પર આ રસ્તા પર ૧ ૨ ૧ દબાણો છે. જેને દૂર જૂન-૨૦૧૩ દરમ્યાન કામગીરી કરવામાં આવી હતી. આ દબાણો પૈકી ૨૫ દબાણો દૂર કર્યા બાદ તે વારંવાર પુનઃ ઉભા થઈ જતા હોવાથી દબાણોની સમસ્યા ગંભીર બની છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com